# જેવો સંગ તેવો રંગ



રોશન ખૂબ આનંદમાં આવી ગયો હતો. નાતાલનું શાળામાં વેકેશન હોવાથી તેણે તેની મમ્મીને પૂછ્યું, ‘મમ્મી નાતાલના વેકેશનમાં મારે ભાવનગર માસીને ઘરે થોડાં દિવસ રહેવાની ઈચ્છા છે.’

રોશનની મમ્મીએ કહ્યું, ‘ભલે બેટા, તારે ભાવનગર માસીના ઘરે જવું હોય તો મને વાંધો નથી. માસીનું ઘર તો તેં જોયેલું છે. કાલે સવારે હું તને એસ.ટી.માં બેસાડી દઈશ. માસીને તું ફોન કરજે તે તને ત્યાં લેવા આવશે.

રોશન ભાવનગર માસીનાં ઘરે ગયો. રોશનનાં માતા–પિતા પણ બે દિવસ માટે દ્વારકા ફરવા ગયાં. રોશનનાં પિતાને પ્રભુમાં શ્રધ્ધા હોવાથી તેઓ દરરોજ મંદિરમાં જતા અને ભજન–સત્સંગમાં જોડાતા. દ્વારકામાં હરીફરીને તેઓ પોતાના ઘરે એસ.ટી.માં આવતા હતા ત્યારે તેમના ચહેરા પર પ્રસન્નતા હતી. તેઓ ધાર્મિક સ્થળે ફરી આવતાં– તેમના મનને જાણે અપાર શાંતિ મળી.

લગભગ સાત દિવસ બાદ રોશન માસીના ઘરેથી પોતાના ઘરે આવ્યો. તેના વર્તનમાં ખૂબ ફેરફાર જોઈને રોશનની મમ્મીને આનંદ થયો. રોશન સવારે વહેલાં ઊઠીને કસરત કરતો. પોતાની પથારી યોગ્ય સ્થાને મૂકતો. સાંજે નિયમિત એક કલાક બેસીને વાંચતો. નહાતી વખતે પણ જાતે પાણીની ડોલ અને ટુવાલ બાથરૂમમાં લઈ જતો.

રોશનનાં માતાપિતાને તેનું આવું વર્તન જોઈને પ્રસન્નતા થઈ તેઓએ રોશનને પૂછ્યું – ‘બેટા તું તારા બધાં કામ હવે જાતે કરવા લાગ્યો છે. તારા સ્વભાવમાં આવો પલટો ક્યાંથી આવ્યો?’

રોશને કહ્યું – ‘પપ્પા, હું માસીના ઘરે ભાવનગર રહેવા ગયો હતો. ત્યાં મારી માસીનો દીકરો મુકેશ મારાથી નાનો હોવા છતાં પોતાનાં નાનાં–નાનાં કામ જાતે જ કરતો હતો.

વળી નિયમિત અભ્યાસ કરતો હતો, માતા–પિતાને માન સન્માન આપતો, કસરત કરતો, સવારે પ્રભુની પ્રાર્થના કરતો. તેની સાથે રહીને હું તેનામાં રહેલાં સદ્‌ગુણ મારી સાથે લાવ્યો છું. આજથી હું મારા તમામ કામ મુકેશની જેમ જાતે જ કરીશ. તમારી સેવા કરીશ ક્યારેય હઠ નહિ કરું. નિયમિત વાંચીશ અને સ્વભાવ શાંત રાખીશ.’

મુકેશની સાથે રહેવાથી મને ખૂબ સારું લાગ્યું તેની પાસેથી મને ભણું બધું શીખવા મળ્યું છે. તે વાતનો મને આનંદ છે.

રોશનની વાત સાંભળીને રોશનનાં માતા–પિતા ખૂબ પ્રસન્ન થયા. તેમની આંખોમાં હર્ષનાં આંસુ છલકાતાં તેમણે રોશનને ખોળામાં લઈને ખૂબ વહાલ કર્યું.

બાળમિત્રો–આપણે આપણાં નાનાં–નાનાં કામ જાતે જ કરતાં શીખી જવું જોઈએ. પોતાની તંદુરસ્તીનો પણ જાતે ખ્યાલ રાખવો જોઈએ. ભણતર પ્રત્યે પણ નિયમિત થઈ જવું જોઈએ. તેમજ માતા–પિતાને સદાય માન–સન્માન આપવાં જોઈએ.

**લેખક : સતીશ ભુરાની**